# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# સ્વ-પરપ્રકાશક પ્રશ્નોતરી, અમદાવાદ
# તા. ૧-૪-૧૯૯૦ બપોરે, LA249

મુમુક્ષુ: સવારે સ્વ-પરપ્રકાશક ઉપર..

પૂ. લાલચંદભાઈ: હા, એ સારું કહ્યું. ઠીક યાદ કર્યું. સ્વ-પરપ્રકાશક વિષે, સ્વ-પરપ્રકાશકના નામે ખરેખર મોટી એક ભ્રાંતિ ચાલે છે. સ્વ-પરપ્રકાશક તો અજ્ઞાની જીવની પર્યાયમાં પણ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઈન્દ્રિય, ચારઇન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી ચારે ગતિના અજ્ઞાની પ્રાણીઓને પણ જે જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે જેને જ્ઞપ્તિ કહેવાય. જ્ઞપ્તિ એટલે જાણવાની ક્રિયા જેમાં થાય.

રાગમાં જાણવાની ક્રિયા નથી, તેથી રાગ તો આંધળો છે. સ્વ-પરપ્રકાશક એમાં છે નહીં. પણ અજ્ઞાનીને જે જ્ઞાન પ્રગટ થાય એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞપ્તિક્રિયામાં સ્વ-પરનો પ્રતિભાસ થાય છે. એવી સ્વ-પરપ્રકાશક ક્રિયા અજ્ઞાનીને પણ પ્રગટ થાય છે. એ સ્વ-પરપ્રકાશકને કોઈ સત્યાર્થ માને (તો) કોઈને અનુભવ થતો નથી. સ્વ-પરપ્રકાશક પ્રમાણ જ્ઞાનનો વિષય છે. એ પ્રમાણજ્ઞાનમાંથી એણે નિશ્ચયનય કાઢવી જોઈએ. કે ખરેખર સ્વ-પરનો પ્રતિભાસ થવા છતાં પણ મને પર જણાતું નથી મારો શુદ્ધાત્મા જ જણાય છે. કેમકે જ્ઞાનમાં આત્મા તન્મય થઈને જણાય છે, અને દેહાદિ અને પરપદાર્થનો પ્રતિભાસ થાય છે પણ જ્ઞાન ત્યાં જાતું પણ નથી, જ્ઞેયો જ્ઞાનમાં આવતા પણ નથી, અને જ્ઞેય જ્ઞાનમાં જણાય છતાં પણ તે જ્ઞેયની સાથે તે જ્ઞાન તન્મય થતું નથી.

જેમ આ (લાકડી) પદાર્થ જણાય પણ, જણાય ખરું પણ જ્ઞાન આમાં તન્મય ન થાય. માટે ખરેખર જ્ઞાન એણે જાણતું નથી પણ જ્ઞાન તો આત્માનું હોવાથી આત્માને જાણે છે. જે જેનું હોય તે તે જ હોય. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. એમ જો એ લ્યે તો અનંતકાળથી નહીં પ્રગટ થયેલું એવી સ્વપ્રકાશક જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એ સ્વપ્રકાશક લક્ષણથી આત્મા લક્ષિત થાય છે, અનુભવમાં આવે છે. એમ આ શુદ્ધાત્માનો અનુભવ થતાં એ નિર્વિકલ્પ ધ્યાનના કાળમાં જ હજી ઉપયોગ બહાર ન આવ્યો હોય. અંદર ને અંદરમાં સમ્યગ્દર્શનના કાળમાં, સ્વપ્રકાશકમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રગટ થયા એનું ફળ આનંદ આવે છે એ જ સમયે. સમય એક જ છે. હવે, એ જ્ઞાન જ્ઞાનને પણ જાણે છે અને પ્રગટ થયેલા આનંદને પણ જાણે છે. એટલે સ્વપ્રકાશક પૂર્વક સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી પ્રગટ થાય છે. આ નિશ્ચય છે.

હવે એને અંદરમાં ને અંદરમાં સ્વ-પરપ્રકાશક કેમ કહ્યું? આખું જગત એમ માને છે કે આત્મા તે સ્વ ને લોકાલોક તે પર એ સ્વ-પરપ્રકાશક. સમજી ગયા? એ અનુભવીનો બહારનો (અનુભવ) પછીનો વ્યવહાર છે. અને એ અજ્ઞાનીને સ્વ-પરપ્રકાશકની જ્ઞપ્તિ છે એ તો અજ્ઞાનમય જ છે, એમાં સમ્યગ્જ્ઞાન છે જ નહીં. એમાંથી એને એ જ્ઞાનમાંથી જ્ઞાયકને પકડતા અનુભવ થાય. એ જ્ઞાનની પર્યાયને સ્વપ્રકાશક ઉપયોગ કહેવામાં આવે છે. આખોય ઉપયોગ અંદરમાં આવે, નીરઅવશેષપણે,

કાંઈ પણ બાકી રાખ્યા સિવાય આખોય ઉપયોગ અંદરમાં ઢળી જાય. ત્યારે શુદ્ધોપયોગ દશા પ્રગટ થાય, એનું નામ સ્વપ્રકાશક છે. એ વખતે આત્માની અનુભૂતિ થાય, આનંદ આવે. તો એ જ વખતે જ્ઞાન આત્માને જાણે છે અથવા જ્ઞાન જ્ઞાનને પણ જાણે અને પ્રગટ થયેલો જે આનંદ એ પણ એના જ્ઞાનમાં જણાય.

એ પ્રગટ થયેલા આનંદની સન્મુખ નથી જ્ઞાન. જ્ઞાન તો આનંદમૂર્તિની સન્મુખ છે. પણ એનામાં એક સ્વ-પરપ્રકાશક એવી શક્તિ અંદર પ્રગટ થાય છે કે જેમાં આનંદ પણ જણાય જાય છે. આનંદને જાણતું નથી જ્ઞાન, પણ આનંદ જણાય જાય છે. એનું અંદરનું સ્વ-પરપ્રકાશક પ્રગટ થાય એને નિશ્ચય કહેવામાં આવે છે. એમાં પરની અપેક્ષા નથી, માત્ર પોતાનું જ છે માટે તેને નિશ્ચય. એક દ્રવ્યઆશ્રિત છે એ પરિણામ. જ્ઞાન જ્ઞાનને પણ જાણે અને ઉત્પન્ન થયેલા આનંદને પણ જાણે, પ્રતીતિને (પણ) જાણે, સ્થિરતાને (પણ) જાણે બધાને જ્ઞાન જાણે.

તો જ્ઞાન છે તે સ્વ છે અને બાકીના અનંત ગુણો એટલે પર્યાયો એ બધું પર છે. જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન તે સ્વ અને આનંદ તે પર એવું અંદરમાં સ્વ-પરપ્રકાશક અનુભવના કાળમાં નિશ્ચય સ્વ-પરપ્રકાશક પ્રગટ થાય. એ નંબર બે કહ્યું. સ્વપ્રકાશક પૂર્વક સ્વ-પરપ્રકાશક નિશ્ચય એમાં પરની અપેક્ષા બિલકુલ નથી, લોકાલોક જણાતા જ નથી, એને નિશ્ચય સ્વ-પરપ્રકાશક કહેવામાં આવે છે. પછી સવિકલ્પદશામાં સાધક આવે તો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. જે કઈ દેહાદિ, દેવ, ગુરુ, શાસ્ત્ર, રાગાદિ બધું જણાય એના જ્ઞાનમાં, તો એ સ્વ-પરપ્રકાશક વ્યવહાર છે. પણ એ વ્યવહાર ક્યારે કહેવાય કે સ્વ-પરપ્રકાશક નિશ્ચય પ્રગટ થયો હોય તો. અને સ્વ-પરપ્રકાશક નિશ્ચય ક્યારે પ્રગટ થાય કે સ્વપ્રકાશક હોય તો. આવી અંદરની રમત છે આ. ત્રણ રમત જ્ઞાનીને આ ત્રણ ભાવ લાગુ પડે.

જ્ઞાનીને આવી ત્રણ પ્રક્રિયા હોય છે. આહાહા! અને અજ્ઞાનીને સ્વ-પરપ્રકાશક, સ્વ-પરનો પ્રતિભાસ થાય, એ તો અજ્ઞાનમય છે, એમાં કાંઈ આત્માનો અનુભવ નથી. એ તો એની એવી સ્વચ્છતા છે થોડી રહી ગઈ છે, કે સ્વ-પરનો પ્રતિભાસ થાય. ભગવાન પણ જણાય અને પરપદાર્થો પણ એમાં પ્રતિભાસે છે, જણાય છે. તો એવું સ્વ-પરપ્રકાશકની કોડીની કિંમત નથી, એ તો અભવિને પણ છે. બેન! ખ્યાલ આવ્યો તમને કાંઈક? બેનનો પ્રશ્ન હતો સ્વ-પરપ્રકાશકનો. એમ ચાર પ્રકાર છે આમાં. આ બધું શાસ્ત્રમાં છે. એક નિયમસારમાં જ્યારે કેવળજ્ઞાનનો અધિકાર ૧૫૯-૧૬૦ ગાથા શરૂ કરી, શુદ્ધોપયોગ અધિકાર. તમારે ચાલે છે ને અહીં? શુદ્ધોપયોગ અધિકાર. નિયમસાર છે? લાવો. નિયમસારનો શુદ્ધોપયોગ અધિકાર એની પહેલી ગાથા ૧૫૯ છે. એટલે કે મોક્ષમાર્ગનું ફળ મોક્ષ.

મોક્ષમાર્ગ જ્યારે પ્રગટ થાય એનું ફળ મોક્ષ એટલે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. કેવળજ્ઞાનનું હવે સ્વરૂપ શું છે? કે કેવળી સ્વ-પરપ્રકાશક છે એ સ્વ અને પરને જાણે છે. એ ચાલતી વાત છે બધી બહુ. પણ એનું ઊંડાણનું રહસ્ય કોઈ જાણતું નથી. કોઈક વિરલા જાણે, અનુભવી વિરલા જાણે છે. આ ૧૫૯ ગાથામાં આચાર્ય ભગવાન એમ ફરમાવે છે, મૂળ ગાથા એવી છે,

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

વ્યવહારનય ને નિશ્ચયનય બેય અપેક્ષાએ વાત કરે છે. એમાં ટીકા, એની શરૂઆત કરતાં ટીકાની પહેલી લીટી, most important (બધાથી મહત્વ). **અહીં, જ્ઞાનીને** એટલે કેવળીને **સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું** સ્વ-પરનું પ્રકાશકપણું એટલે સ્વ-પરપ્રકાશક **કથંચિત કહ્યું છે**. સર્વથા નથી. લોકોએ સર્વથા માની લીધું છે. કે આત્માને જાણે કેવળી અને લોકાલોકને જાણે. એ જે વ્યવહાર, એ જે વ્યવહાર એને સર્વથા માની લીધો એટલે ઉપયોગ અંદરમાં જાતો નથી.

એ વ્યવહાર છે. કેવળી સ્વ-પરને જાણે એ વ્યવહાર છે. આ ટીકામાં છે બધું, હોં! હું મારા ઘરની વાત નથી કરતો. એ વ્યવહાર કેમ કહ્યો? કે આત્માને જાણે તે સ્વ અને આત્માની સાથે પરને ભેળવ્યું તો પ્રમાણજ્ઞાન થઈ ગયું. તો એને સ્વ-પરપ્રકાશક વ્યવહાર કહ્યો, આ ટીકામાં. અંદરના સ્વ-પરપ્રકાશકમાં પરને ભેળવ્યું જ નહીં. એટલે નિશ્ચય થઈ ગયું. જ્ઞાન તે સ્વ અને આનંદ તે પર, એ આનંદ તે આત્મા જ છે. (આનંદ) કાંઈ પર નથી, પર તો એને અપેક્ષાએ કહ્યું છે.

જ્ઞાનને જ્યારે સ્વ કહીએ તો જ્ઞાનની અપેક્ષાએ આનંદ આદિ શ્રદ્ધાને પર કહેવામાં આવે છે. પણ સ્વઆશ્રિત છે. એક દ્રવ્યાશ્રિત છે સ્વ-પરપ્રકાશક. ઓલું સ્વ-પરપ્રકાશક બે દ્રવ્યાશ્રિત થઈ ગયું. આહાહા! તો એને સ્વ-પરપ્રકાશક નિશ્ચય કહેવાય. જેમાં પરની અપેક્ષા ન આવે. જ્ઞાન જ્ઞાનને પણ જાણે છે અને આનંદને પણ જાણે છે. જો અનુભવના કાળમાં અતીન્દ્રિય આનંદ આવે એ જો સાધક જાણે નહીં તો સમ્યગ્દર્શન થયું ખબર જ ન પડે. મુંબઇમાં કહ્યું એક ભાઈએ, રોનકવાળા છે મોટા ૭૦ લાખનો બંગલો છે, જાણતા હશો તમે. ગુરુદેવ ત્યાં ઉતર્યા હતા. રોનકવાળા રમણીકભાઈએ પૂછ્યું, સમજી ગયા? ચાલુ વાંચનમાં, કે સમ્યગ્દર્શન થાય એનું પ્રૂફ શું? કે આનંદ આવે અતીન્દ્રિય, એ એનું પ્રૂફ છે. એનું લક્ષણ છે. આનંદ આવે છે. કેમકે એક કષાય ટળી ગયો. ચાર કષાય બીજા ગયા ચારિત્રના. તો કષાયના અભાવથી વીતરાગતા પ્રગટ થઈ. તો વીતરાગતાનું ફળ તો આનંદ જ આવે ને? દુઃખ હોય કાંઈ? રાગનું ફળ દુઃખ અને વીતરાગભાવનું ફળ સુખ. તો એ આનંદ આવે છે એને ખબર પડે છે. બહાર નીકળે છે ને ત્યારે પ્રતીતમાં આવી ગયું, ભવનો અંત આવી ગયો. એ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક. આ વાત સમાજમાં ચાલતી નથી બહુ. ગુરુદેવ કહી ગયા છે પણ ચાલતી નથી.

ઓલું સ્વ-પરપ્રકાશક ચાલે છે. આહાહા! એ પકડાઈ ગયું. વોરાભાઇનું નાળું, કહેવત છે આપણે, સમજી ગયા? પણ સ્વ-પરપ્રકાશક કથંચિત છે, સર્વથા નથી. કથંચિત એક શબ્દ most important છે. કથંચિત એટલે કોઈ એક અપેક્ષાએ. નિશ્ચયનયે સ્વ-પરપ્રકાશક અને વ્યવહારનયે પણ સ્વ-પર પ્રકાશક. આવું આમાં છે. ત્રણ પ્રકાર જ્ઞાનીને હોય, એક પ્રકાર અજ્ઞાનીને. બધાને સ્વ-પર એમાં જણાય છે સ્વચ્છતામાં જ્ઞાનની પર્યાયમાં જણાય છે. ભલે અજ્ઞાનભાવ હોય, કાંઈ નહીં. પણ એમાંથી ભેદજ્ઞાન કરવું જોઈએ. કે જાણનાર જણાય છે, ખરેખર પર જણાતું નથી. ત્યારે પર તરફથી ઉપયોગ હટી ને અંદરમાં આવે. તો એ ઉપયોગ સ્વપ્રકાશક છે. ઉપાદેયપણે જ્ઞાયકને જાણે.

ઉપાદેયપણે જ્ઞાયકને જાણે તે નિશ્ચય સ્વપ્રકાશક થયું. અને એનું જે સામર્થ્ય પ્રગટ થયું સ્વપરનું તો આનંદને પણ જાણે છે. એ અંદરનું સામર્થ્ય છે. ઓલું બહારનું સામર્થ્ય છે. આહાહા! આવી સ્વ-પરપ્રકાશકની કથા બહુ સારી એમાં છે. કથંચિત, આટલા શાસ્ત્રોમાં, દિગંબર શાસ્ત્રોમાં

ક્યાંય કથંચિત સ્વ-પરપ્રકાશક નથી લખ્યું. સ્વ-પરપ્રકાશકની વાત ઠેક ઠેકાણે આવે. પણ આગળ કથંચિત વિશેષણ મૂક્યું, આ એક આચાર્યએ મૂક્યું. ભાવિ તીર્થંકર છે આ, પોતે લખી ગયા છે. સ્વપ્રકાશક પૂર્વક નિશ્ચયથી, સ્વ-પરપ્રકાશક નિશ્ચય અને પછી વ્યવહાર સ્વ-પરપ્રકાશક. એમ ત્રણ પ્રકાર જ્ઞાનીઓને હોય છે. કેવળીને હોય અને પછી શ્રુતકેવળીને પણ એ જ જાત હોય છે.

મુમુક્ષુ: ત્રણ પ્રકાર એક જ સમયમાં?

પૂ. લાલચંદભાઈ: હા, એક જ સમયમાં બે. એક જ સમયમાં બે હોય છે. પણ જે લોકાલોક એમાં પ્રતિભાસે છે એ નિશ્ચયમાં ન લીધું. એ પછી લીધું. વિવક્ષા બદલાવી કે આત્મા આત્માને જાણે, લોકાલોક પણ એમાં જણાય. એને વ્યવહાર કહ્યો. એમ. સાધકને થોડો ક્રમ પડે છે. કેવળીને કાંઈ ક્રમ નથી, એક સમયમાં છે. નિશ્ચય સ્વ-પરપ્રકાશક અને વ્યવહાર સ્વ-પરપ્રકાશક એને એક સમયમાં અક્રમે હોય. સાધકને ક્રમ પડે છે.

નિશ્ચય સ્વપ્રકાશક અને નિશ્ચય સ્વ-પરપ્રકાશક એક સમયમાં બે હોય. એ બે એક સમયમાં. અને પછી જ્યારે સવિકલ્પદશામાં આવે ત્યારે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન - ૧૨ મી ગાથા છે ને? એ સવિકલ્પદશાની છે. એ વ્યવહાર પછી ઊભો થાય છે. પણ નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય. સ્વ-પર પ્રકાશકમાં હોં. સ્વ-પરપ્રકાશકમાં પણ નિશ્ચય સ્વ-પરપ્રકાશક પ્રગટ થાય, આનંદ આવે ત્યારે તેને સ્વ-પરપ્રકાશક વ્યવહાર કહેવાય. હવે આનંદ જ નથી આવતો તો સ્વ-પરપ્રકાશક અજ્ઞાનમાં જાય. એ તો નિગોદમાં પણ છે અત્યારે સ્વ-પરપ્રકાશક. પંચાસ્તિકાય છે? પંચાસ્તિકાય લાવો.

મુમુક્ષુ: એ આનંદ દસ મિનિટથી વધારે નથી રહેતો એનું શું કારણ?

પૂ. લાલચંદભાઈ: દસ મિનિટ નથી રહેતો. દસ મિનિટ(થી) બહુ ઓછો, આંખનો પલકારો મારીને ઉઠે ત્યાં સુધીમાં તો બહાર નીકળી જાય. એટલો ટાઇમ શરૂઆતમાં આનંદ, આનંદ એટલો જ ટાઇમ લગી હોય છે. માત્રા પણ ઓછી ને ટાઇમ પણ ઓછો. પછી માત્રા વધારે અને ટાઇમ પણ (વધારે).

એ આનંદ આવ્યો એ ભ્રમણા છે, દસ મિનિટનો આનંદ. કલ્પના છે, કલ્પના કલ્પના છે. એ આત્માનું સ્વરૂપ પહેલા સમજો કે આત્મા શું? આહાહા! મૂળ વાત જીવતત્ત્વને સમજવા જેવુ છે. એમ તો ઘણાય ધ્યાનવાળા આવે, મને પૂછે ખાનગીમાં કે પ્રકાશ દેખાણો. ભાઈ! પ્રકાશ ન હોય, એ તો પુદગલની અવસ્થા છે. એ જ્ઞાનપ્રકાશ અરૂપી છે. આ જે મેં કહ્યું ને સ્વ-પરપ્રકાશક જીવમાત્રમાં હોય, જ્ઞપ્તિ. એ પંચાસ્તિકાયમાં ૧૨૧ ગાથામાં આચાર્ય ભગવાને લીધું છે. કુંદકુંદનું શાસ્ત્ર છે આ.

**(અન્વયાર્થ:-) (વ્યવહારથી કહેવામાં આવતા એકેન્દ્રિયાદિ તથા પૃથ્વીકાયિકાદિ જીવોમાં) ઇન્દ્રિયો જીવ નથી અને છ પ્રકારની શાસ્ત્રોક્ત કાયો પણ જીવ નથી; તેમનામાં જે જ્ઞાન છે તે જીવ છે એમ (જ્ઞાનીઓ) પ્રરૂપે છે. ટીકા:- આ, વ્યવહારજીવત્વના એકાંતની પ્રતિપત્તિનું ખંડન છે. (અર્થાત જેને માત્ર વ્યવહારનયથી જીવ કહેવામાં આવે છે તેનો ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી),** દેહ અને જીવ, એકેન્દ્રિયજીવ, બે ઇન્દ્રિયજીવ એ ઉચિત નથી પણ એનામાં જે જ્ઞાન છે તે જીવ છે, એમ. દેહથી જુદો પાડીને જ્ઞાનને જીવનું લક્ષણ કહ્યું છે. **(એમ અહીં સમજાવ્યું છે).**

**જે આ એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે 'જીવો'** ઇન ટુ કોમા. **'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદગલનો પરસ્પર અવગાહ દેખીને,** પીંડ દેખીને, ક્ષેત્રાવગાહ દેખીને **'વ્યવહારનયથી જીવનાં પ્રાધાન્ય દ્વારા (-જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' એમ કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઇન્દ્રિયો તથા પૃથ્વી-આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી;** એકેન્દ્રિય, બેઇન્દ્રિય તે જીવ નથી. શરીરની સંજ્ઞા છે એ તો. આહાહા! એમાં જાણવાની ક્રિયા ક્યાં છે? **તેમનામાં જ** એકેન્દ્રિયાદિમાં નિગોદમાં પણ **જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે'**, સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે.

સ્વપરનો પ્રતિભાસ થાય છે સ્વચ્છતામાં જ્ઞાનમાં. એકેન્દ્રિયને પણ. **તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત અભેદને લીધે,** પર્યાયને, દ્રવ્યને અભેદ ગણીને જીવપણે પ્રરૂપવામાં આવે છે. આ સ્વ-પરપ્રકાશકનું લાકડું ચાલ્યું. પકડાય ગયું લાકડું. સ્વપ્રકાશક પણ ગયું, નિશ્ચય સ્વ-પરપ્રકાશક પણ ગયું, જ્ઞાનીના નિશ્ચયનયના પૂર્વક વ્યવહાર સ્વ-પરપ્રકાશક પણ ગયું. ત્રણેય ઉડાડયા અને એક લાકડું રહી ગયું. સ્વ-પરપ્રકાશક, સ્વ-પરપ્રકાશક, સ્વ-પરપ્રકાશક.

સ્વ-પરપ્રકાશકમાંથી પરપ્રકાશકનો નિષેધ કરીને સ્વપ્રકાશકમાં આવું જોઈએ. તો ઇન્દ્રિયજ્ઞાન રોકાય જાય ને નવું જ્ઞાન પ્રગટ થાય ને આત્માનો અનુભવ થાય, એમાં સ્વપ્રકાશકમાં અનુભવ થાય એ જ સમયે આનંદ આવે એને પણ જ્ઞાન જાણે. એ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક થયું. જ્ઞાન+આનંદ કર્યું કે નહીં? તો સ્વ-પરપ્રકાશક, અંદર ને અંદરમાં, હજી ધ્યાનમાં મગ્ન છે એ વખતે, પછી બહાર આવે ત્યારે સ્વ-પરપ્રકાશકનો વ્યવહાર એને હોય છે. કેમકે સ્વ-પરપ્રકાશક નિશ્ચય હોય એને સ્વ-પરપ્રકાશકનો વ્યવહાર હોય ને? નિગોદને તો સ્વ-પરપ્રકાશક નિશ્ચય પ્રગટતો નથી, અનુભવ નથી તો એને સ્વ-પરપ્રકાશક એ વ્યવહારનું અજ્ઞાનમાં જાય છે.

બહુ સ્વ-પરપ્રકાશક વિષે બહુ (ભ્રાંતિ) ચાલે છે. ખબર છે આપણને. અમને પૂછે તો અમે ખુલાસો કરીએ ને, કોઈ પૂછે તો ખુલાસો કરીએ.

મુમુક્ષુ: ગુરુદેવે તો ઘણા ખુલાસા કર્યા છે.

પૂ. લાલચંદભાઈ: ઘણો ખુલાસો. અરે! ગુરુદેવે તો ત્યાં સુધી કહ્યું છે કે જ્ઞાન જ જણાય છે પર જણાતું જ નથી. એક ૮૦ ની સાલનું આત્મધર્મ છે માર્ચ મહીનાનું. એમાં તો ત્યાં સુધી એમણે કહ્યું કે આત્મા પરને જાણતો જ નથી તો પર તરફ ઉપયોગ મૂકવાની વાત જ ક્યાં રહી? આત્મા આત્માને જાણે છે એ પણ સ્વ-સ્વામીનો વ્યવહાર છે, એમાં પણ સાધ્યની સિદ્ધિ નથી. જ્ઞાયક તો જ્ઞાયક છે એમાં અનુભવ થાય છે. ઘણું કહી ગયા છે ઠેક-ઠેકાણે.

આજ સવારે ભાઈ આવ્યા હતા એમાંથી એ બતાવ્યું. ૧૮૩૬ પોઈન્ટ. પુસ્તક છપાય છે ને બીજું હમણાં જ. એનું એક કારણ છે કે એને અનાદિકાળથી ઇન્દ્રિયજ્ઞાન પ્રગટ થાય છે અને ઇન્દ્રિયજ્ઞાન પરની જ પ્રસિદ્ધિ કરે છે. એવો એને અભ્યાસ, અધ્યાસ અનાદિકાળથી છે. અનાદિકાળથી, આજ નવો નથી. સમજી ગયા? હવે એને આખું ચક્કર ફેરવવું, એનો નિષેધ કરવો. આમ આમ આ (લાકડું) જણાય છે આ પ્રત્યક્ષ. આ ઘડિયાળ જણાય છે, ચારમાં આઠ મિનિટ છે,

પ્રત્યક્ષ જણાય છે. કે નથી જણાતું, તારું જ્ઞાન જણાય છે, લે. જો અનુભવ કરવો હોય તો. અને બાકી કરો લહેર. એમાં કોણ, કોઈ બળાત્કાર તો છે નહીં કોઈ. તમારો અભિપ્રાય તમારી પાસે છે, રાખો. પર જણાય છે, પર જણાય છે, પર જણાય છે, જાણો જાવ. અનંતકાળ ગયો પરને જાણતા.

એમાં જ્યારે અમારા ઉપર હલ્લો આવ્યો, કે આત્મા પરને જાણતો નથી, ખરેખર જાણનાર જણાય છે. ત્યારે મુંબઇમાં મારો મોટો દીકરો મને પૂછ્યું, મને ભાઈ કહે છે. કોઈ પપ્પા કહે, કોઈ ભાઈ કહે, વ્યવહાર જુદા જુદા હોય ને. કે આ આત્મા પરને જાણતો નથી એ તમે જે વાત કરો છો એની સામે આટલો દ્રોહ છે તો તમારી પાસે શું દલીલ છે એની? ન્યાય આપોને કાંઈક. મે કીધું એમ? સારો પ્રશ્ન છે તારો. જો આટલા વર્ષની ઉંમર તારી થઈ તો પરને તું જાણી રહ્યો છે ને? તો કહે હા, હું પરને જાણું છું. આનંદ આવ્યો? તો કહે ના, આનંદ નથી આવ્યો. નથી આનંદ આવ્યો તો વિભાવ છે. આ શાસ્ત્રની કાંઈ તારી જરૂર નથી. લે. ક્યાં શાસ્ત્રમાં શું લખ્યું છે સ્વપ્રકાશક, એ કાંઈ ત્યારે જરૂર નહીં. હું તને પૂછું છું કે જો પરને જાણતા આત્માને આનંદ આવતો હોય તો પરપ્રકાશક વ્યાજબી છે. કાંઈ વાંધો નથી મને. પણ તને આનંદ આવ્યો? કે ના મને આનંદ નથી આવ્યો. તો એ ખોટું છે. ત્યાંથી વ્યાવૃત થા, પાછો ફર. એનો નિષેધ કર વ્યવહારનો. અને અંદરમાં જા કે જાણનાર જણાય છે. તો આનંદ આવશે તને. તો અમારી વાત સાચી છે એમ માનજે.

મોટું શલ્ય છે આ. એના માટે આચાર્ય ભગવાને બંધ અધિકારમાં બહુ સરસ વાત કરી છે. કે 'હું પરને મારી શકું છું' 'જીવાડી શકું છું' 'સુખી-દુઃખી કરી શકું છું' એવો જે તારો અભિપ્રાય છે તે ભાવકર્મ છે, અધ્યવસાન છે, મિથ્યાત્વ છે, સ્વ-પરની એકતાબુદ્ધિ તારી થઈ છે. એ તો ઠીક. ભાવબંધ, ભાવબંધ એટલે મિથ્યાત્વ. પછી આગળ વધીને કહે છે કે હું ધર્માસ્તિકાયને જાણું છું એ અધ્યવસાન, મિથ્યાત્વ છે. આ ભાવબંધની પરાકાષ્ટા. બીજાને મારવાનો ભાવ એ તો ભાવબંધ, મિથ્યાત્વ, અજ્ઞાન છે જ. પણ હું પરને જાણું છું એ સમકક્ષી ભાવબંધ છે, મિથ્યાત્વ છે તને. કેમકે જણાય છે જ્ઞાન અથવા જણાય છે અભેદથી જ્ઞાયક, ભેદથી જ્ઞાન જણાય, અભેદથી જ્ઞાયક જણાય. બધાને, હોં!

ભેદથી જુઓ તો જ્ઞાનની પર્યાય જણાય અને અભેદથી જુઓ તો જ્ઞાયક જણાય. સમજાણું? આવી સ્થિતિ હોવા છતાં તું સ્વને ચુકીને (એમ કહે છે) આ મને ધર્માસ્તિકાય જણાય છે, જા તારું અજ્ઞાન છે. આહાહા! સમકક્ષી બંધ થાય છે. પછી ૨૭૧ કળશ છે. એમાં રાજમલજી સાહેબ લખે છે, કે હું જ્ઞાયક અને આ છ દ્રવ્ય (જે) સર્વજ્ઞ ભગવાને કહ્યા (તે મારા જ્ઞેય). જૈન મતમાં આવી ગયો છતાં મિથ્યાદ્રષ્ટિ રહી ગયો. એને ચેતાવે છે હવે. કે છ દ્રવ્યને તો અમે જાણીએ છીએ બરાબર. કે છ દ્રવ્ય તારું જ્ઞેય અને તું જ્ઞાતા એ તો ભ્રાંતિ છે તારી. તારી ભ્રાંતિ છે, તને છ દ્રવ્ય જણાતા નથી. છ દ્રવ્યથી ભિન્ન જ્ઞાન જણાય છે તને. આહાહા!

મોટી ભ્રાંતિ એમ લખ્યું. ઘણી ભ્રાંતિ ચાલે છે. આત્મા જ્ઞાયક અને છ દ્રવ્ય મારું જ્ઞેય. એના ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે. એના ઉપર ૧૩ વ્યાખ્યાન છે ને? અધ્યાત્મ પ્રવચન રત્નત્રય. આહાહા! એ પુસ્તક બહુ ઊંચું છે. લાઇફ ટાઇમ વાંચવા જેવુ છે. લાઇફ ટાઇમ. ધ્યેય, ધ્યાન અને ધ્યાતા. ત્રણ પ્રકાર એમાં આવી ગયા છે. ધ્યેય કોને કહેવાય? ધ્યાનનો વિષય. અને ધ્યાન કેમ કરવું આત્માનું?

અને પછી ધ્યાનનું ફળ શું આવે? એ બધી વાત સંકલન છે એમાં. લાઇફ ટાઇમ વાંચવા જેવુ છે. એ પુસ્તક ખપી ગયા હતા. હમણાં હજાર છપાવ્યા લંડનવાળાએ. તો હજારમાંથી ૫૦૦ તરત જ ખપી ગયા દેવલાલીમાં. હવે ૫૦૦ માંથી કોઈક ખચપાં હશે, ૪૦૦ હશે. બીજી આવૃતિ છપાવી.

કેવળ માત્ર સાંભળીને નિર્ણય કરવા કરતાં અંદરમાં મંથન કરીને નિર્ણય કરવો. ખરેખર તો આત્માને પૂછવું, મુંઝવણ થાય ને ત્યારે છ મહિના સુધી તો કોઈને પૂછવું જ નહીં. જો તમે બીજાને પૂછવા જાશો તો આનું અપમાન કર્યું, અંદર બેઠો છે ભગવાન. એ કહે જા રખડ જ્યાં ત્યાં પૂછ. છેવટ તો મારી પાસે (આવીશ). સાચો જવાબ તો અંદરથી આવશે. પૂંજાભાઈ! (મુમુક્ષુ: હોય તે આવે.) હં (હા).. સર્વજ્ઞ સ્વભાવી બિરાજમાન છે પરમાત્મા અત્યારે. આહાહા! પરિપૂર્ણ પરમાત્મા છે.

મુમુક્ષુ: શાશ્વત બિરાજમાન છે.

પૂ. લાલચંદભાઈ: શાશ્વત. આવ્યું હતુ ને અનંત નયો પ્રગટ. પ્રગટ આવ્યું હતું ને? પછી ૭૩મી ગાથામાં પ્રત્યક્ષ કહે છે. આત્મા પ્રત્યક્ષ છે, પરોક્ષ નથી. પરોક્ષ રહે એવો એનો સ્વભાવ જ નથી.

મુમુક્ષુ: એનો મહિમા આવતો જ નથી.

પૂ. લાલચંદભાઈ: બહારનો મહિમા છે. કોઈ ધનઅર્થી અને કોઈ માનાર્થી બસ. કોઈ ધનની લોલુપતાથી ને કોઈ માનની લોલુપતા બસ. જાણવાના લોભમાં સઘળોય આ સંસાર છે. જાણવાનો લોભ થઈ ગયો છે અનંતાનુબંધીનો. તમે ક્યાં ગયા હતા? ક્યાંથી આવ્યા? ક્યારે જાવ છો? હવે તારે શું? મુકને પંચાત. આવું ને આવું. કાંઈ પ્રયોજન ન હોય છતાં પારકી પંચાતમાં પડી ગયો છે.

પ્રમાણની બહાર જાવું નહીં ને પ્રમાણમાં અટકવું નહીં. પ્રમાણની બહાર આ બધા પદાર્થો છે તારે શું કામ છે? થવા યોગ્ય બધુ થયા કરે છે. આહાહા! અંદરમાં દ્રવ્ય અને પર્યાય એ વચ્ચેનો વિચાર કર, વર્તુળ ટૂંકુ કરીને. આહાહા! બાકી ૧૧ ભાગ બહાર પડી ગયા એ બહુ સારું છે. બધા ખુલાસા છે એમાં. સ્વ-પરપ્રકાશક માટે તમારે હિંમતનગર આવવું ન પડ્યું. મેં કીધું હિંમતનગર આવજો નિરાંતે વાત કરશું. આવવાની છૂટ છે. થોડા દિવસ અહીં રોકાવું છે, પછી દેવલાલી.

મુમુક્ષુ: સ્વ-પરપ્રકાશકમાં દિગંબરોને પણ ભ્રાંતિ છે, બીજામાં તો છે જ.

પૂ. લાલચંદભાઈ: દિગંબરોમાં શું, મોટા પંડિતોમાં ભ્રાંતિ છે.

એનું કારણ છે. એક તો ઊંડાણથી એ પ્રકારનો આત્મલક્ષી સ્વાધ્યાય ઓછો. સ્વાધ્યાય ખરું પણ.. આત્મલક્ષી સ્વાધ્યાય ઓછો. એટલે પાસ ઓન (pass on) થઈ જાય છે. નિયમસાર તો બધાએ વાંચ્યું છે. પાસ ઓન થઈ જાય. આ શું લખ્યું? કેવળી માટે સ્વ-પરપ્રકાશક કથંચિત? આહાહા! આ શું લખ્યું છે? સ્વ-પરપ્રકાશકમાં વળી કથંચિત શું? કથંચિત છે. નિશ્ચય અને વ્યવહાર બેય. એના ઉપર ગુરુદેવના વ્યાખ્યાન થઈ ગયા છે, ટેપો છે. બધું સાહિત્ય તો બહાર આવી ગયું છે.

એક પરની કર્તાબુધ્ધિ અને એક પરની જ્ઞાતાબુધ્ધિ અનંત દુઃખનું કારણ છે. એના માટે એક અમિતગતિ આચાર્ય થઈ ગયા છે. એમણે યોગસાર લખ્યું છે. એમણે અનુભવનો બહુ સરળ ઉપાય બતાવ્યો છે. બિલકુલ શાસ્ત્ર વાંચતાં ન આવડતું હોય, અંગૂઠા છાપ હોય, સંસ્કૃત ન આવડતું હોય કાંઈ ન આવડતું હોય તોપણ અનુભવ થઈ જાય. એવી એક સાદી વાત એમણે કરી છે. એમણે એક દાખલો આપ્યો. કે દીવો છે તે પ્રકાશક છે, અને એનો જે પ્રકાશ પર્યાય છે એ પ્રકાશ, પ્રકાશક અને

પ્રકાશ. અને પ્રકાશ્ય - ઘટ, પટ જે બહારના પદાર્થો છે એ એમાં જણાય છે. પ્રસિદ્ધ થાય છે. આમ ત્રણ સ્થિતિ છે. ત્યારે તેઓ એમ ફરમાવે છે કે જે પ્રકાશથી અભિન્ન છે દીવો એ તને જણાતો નથી. અને પ્રકાશથી ભિન્ન ઘડો છે તે તને જણાય છે. અમને તો આશ્ચર્ય થાય છે તારી મૂર્ખાઇ ઉપર. આશ્ચર્ય થાય છે, એમ લખ્યું છે.

એ તો દ્રષ્ટાંત થયું. હવે સિદ્ધાંતમાં ઉતારે છે. આત્મા છે તે જ્ઞાયક છે અને તેની સમયે સમયે જ્ઞાનની પર્યાય પણ થાય છે, અને એ જ્ઞાનની પર્યાયમાં તને પર જણાય છે. બધા પદાર્થો, શાસ્ત્રો વિગેરે દેવ, ગુરુ, શાસ્ત્ર જણાય, રાગ જણાય, ક્રોધ જણાય બધું બહારનું તને તારી જ્ઞાનની પર્યાયમાં જણાય છે. તો કહે છે કે તારી જ્ઞાનની પર્યાયમાં જે અભેદ આત્મા છે તે જણાતો નથી અને જ્ઞાનની પર્યાય(થી) ભિન્ન છે એ તને જણાય છે? આશ્ચર્ય થાય છે. ત્યારે હવે શું કરવું? તો કરવું શું? કે જ્ઞેયને જાણી અને ત્યાંથી વ્યાવૃત થા, પાછો ફર, રિબાઉન્ડ. જેમ છોકરા દડો મારે ને પછી તેને ખબર છે કે દડો મારા હાથમાં આવશે, ત્યાં ચોંટી નહીં જાય. આમ ફટ ઝીલી લ્યે છે.

એમ કહે છે કે જ્ઞેયને જાણીને ત્યાંથી વ્યાવૃત થા, પાછો ફર કે જ્ઞેય જણાતું નથી, મારું જ્ઞાન જણાય છે, જ્ઞાયક જણાય છે. એટલું કરીશ તો અનુભવ થઈ જશે. સાવ સીધો સાદો દાખલો. અમિતગતિ આચાર્યએ કહ્યું છે. સંવર અધિકાર કે નિર્જરા અધિકારમાં છે આ.

મુમુક્ષુ: નિર્જરા અધિકારમાં.

પૂ. લાલચંદભાઈ: નિર્જરા અધિકારમાં છે. જ્ઞાનીઓએ તો કરુણા કરીને, ઘણી સહેલી કરીને વાતો કરી છે. તેને 'પરને હું જાણું છું' શું નથી જાણતો? આ ઘડિયાળ નથી જણાતી? ભાઈ! એ જ્ઞાનીની સામે બાંયો ચડાવવા જેવું નથી. જ્ઞાની તારા હિતની વાત કરે છે કે આ ઘડિયાળ જણાતી નથી (તને) જ્ઞાન જણાય છે. પરથી ખસી જા. આ કેવળ અનુભવ કેમ થાય એની પ્રધાનતા છે. જાણવાની પ્રધાનતા નથી અત્યારે. જીવોને જાણવાનો લોભ છે. આહાહા! જાણવાના લોભમાં સઘળોય આ સંસાર છે. બોલો! અનંતાનુબંધીનો લોભ. બાકી વ્યવહારના કથન તો પાર વગરના આવશે શાસ્ત્રમાં. ઢગલાબંધ. શુદ્ધનયનું કથન ક્યાંક, વિરલ. આહાહા! થોડા, નિશ્ચયના કથન ઓછા, વ્યવહારના કથન વધારે.

એક પંચાધ્યાયી શાસ્ત્ર છે, એમાં બહુ સારી વાત લખી છે. કે જેટલો વ્યવહારનયનો ઉપદેશ છે એટલો બધોય મિથ્યા છે. જેટલું વહારનયથી પ્રતિપાદન કરવામાં આવ્યું એ બધુ મિથ્યા છે, જૂઠું. અને એના ઉપર દ્રષ્ટિ રાખનાર જીવ પણ મિથ્યાદ્રષ્ટિ છે, અને જેટલું નિશ્ચયનયનું નિરૂપણ છે તે સત્યાર્થ છે, એના ઉપર દ્રષ્ટિ રાખનાર સમ્યગ્દ્રષ્ટિ થઈ જાય છે. વ્યવહારનયનું જેટલું કથન છે એટલું મિથ્યા છે. મિથ્યા ઉપદેશ આપે છે વ્યવહાર. વ્યવહાર મિથ્યા ઉપદેશનો આપનાર છે અને તેથી મિથ્યા છે. અને એના ઉપર દ્રષ્ટિ રાખે એટલે શ્રદ્ધાનો વિષય બનાવી દયે, એને સત્યાર્થ માને, તો મિથ્યાત્વનો દોષ તને લાગશે. આહાહા!

વ્યવહારના કથન તો પાર વગરના આવે, કાં કહે કુંભારથી ઘડો થાય, એ સ્થૂળ વ્યવહાર. પછી માટીથી ઘડો થાય, સૂક્ષ્મ વ્યવહાર, વ્યવહાર છે એ. માટીથી ઘડો થાય નહીં. જયંતીભાઈ! કુંભારથી તો (ઘડો) ન થાય પણ માટીથી પણ, આહાહા! શું વાત કરો છો? માટીથી જ થાય.

કુંભારથી ન થાય તો કાંઈ નહીં. અમે ઘણા વખતથી સાંભળ્યું છે તો કાંઈક અમારું અજ્ઞાન ગળ્યું છે, ગયું તો નથી. માટીથી ન થાય ભાઈ! માટીથી થાય તો ઘડા સરખા થવા જોઈએ. અને ઘડામાંથી તાવડી જ ન થાય, ઘડા જ થયા કરે. માટી કર્તા હોય અને ઘડો કર્મ હોય તો ઘડા જ થયા કરે. પછી તાવડી તો થાય નહીં. આહાહા! એમ છે નહીં.

એક પરમાણુનો દાખલો આપ્યો ગુરુદેવે. એક પરમાણુ છૂટો, સ્કંધમાંથી જુદો પાડો. વિચારવા માટે. અને એના ગુણો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ. મુખ્ય ચાર ગુણ છે ને. તો હવે વર્ણગુણની એની પર્યાય થાય. તો પહેલા સમયે ૪૦ ડિગ્રી સફેદ થઈ પર્યાય, બીજા સમયે થઈ ત્રીજી કાળી થઈ ગઈ. ચોથા, પાંચમા સમયે થાય તો બ્લૂ થઈ જાય છે. તો હવે એનો ગુણ તો સદૃશ એક નો એક છે વર્ણ નામનો. ગુણનો ફેરફાર ન થયો. ગુણ તો એ ને એ. દરેક પર્યાયમાં ગુણ તો સદૃશ એ ને એ છે, અન્વયરૂપે. પર્યાયમાં ફેરફાર થયો તો નક્કી થાય છે કે પુદગલ દ્રવ્ય એ પર્યાયનો કર્તા નથી, પર્યાયનો કર્તા પર્યાય છે. સ્વતઃ થાય છે. ત્યારે ઉપચારથી પુદગલ કરે છે એમ કહેવામાં આવે છે. આવી ઝીણી વાતો છે, પ્રતિક.

કર્તાબુધ્ધિ બહુ મારી નાખે છે. છે જ્ઞાતા માને છે કર્તા. બસ. એ ભૂલ થઈ ગઈ. બોલો કોઈને હજી પ્રશ્ન હોય તો, ટાઇમ ઘણો છે. અથવા આપણે હવે ભક્તિ લ્યો.

મુમુક્ષુ: સામાન્ય પ્રમાણમાં, આગમ પ્રમાણ અને અધ્યાત્મ પ્રમાણમાં.. .. ..

પૂ. લાલચંદભાઈ: આગમ પ્રમાણમાં એમ છે કે દ્રવ્ય શુધ્ધ, ગુણ શુધ્ધ અને પર્યાય શુધ્ધ અને અશુધ્ધ. એ બધુ જ્યારે લઈ લ્યો ત્યારે આગમ પ્રમાણ કહેવાય. શુધ્ધાશુધ્ધ પર્યાયનો પિંડ તેને દ્રવ્ય કહેવાય. એ આગમ પ્રમાણ કહેવાય. અધ્યાત્મ પ્રમાણમાં રાગ નીકળી જાય. દ્રવ્યશુધ્ધ, ગુણશુધ્ધ અને પર્યાયશુધ્ધ એને અધ્યાત્મ પ્રમાણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ: વ્યવહારનય જો મિથ્યાઉપદેશનો આપનાર છે.....

પૂ. લાલચંદભાઈ: પ્રશ્ન બરાબર આવ્યો. કે વ્યવહારનય જો મિથ્યા ઉપદેશનો આપનાર છે તો સર્વજ્ઞ ભગવાનની વાણીમાં નિશ્ચયનો ઉપદેશ છે અને વ્યવહારનો પણ ઉપદેશ છે. બે નયાશ્રિત છે ને વાણી દ્વિનયાશ્રિત છે. પરસ્પર સાપેક્ષ નિશ્ચય ને વ્યવહાર, પરસ્પર સાપેક્ષ જોડકું છે. તો એમ પ્રશ્ન આવ્યો કે વ્યવહારનય જો ખોટો ઉપદેશ આપે છે તો જિનેન્દ્ર ભગવાનની દિવ્ય ધ્વનિમાં વ્યવહારની વાત તો એમણે કરી છે. વ્યવહારની વાત એમણે કરી છે અને પછી એનો નિષેધ કરવો એ પણ એમણે વાત કરી છે. શું કહ્યું? એકલી વ્યવહારની વાત કરીને આ ફૂલ પોઈન્ટ નથી. પણ વ્યવહારનયનું જ્ઞાન કરી તું એને નિષેધ કરજે નિશ્ચયનય વડે. નિર્દય થઈને. એ વાક્ય કોનું છે? એ વાક્ય પણ એમનું છે.

વ્યવહારનયને જાણીને નિશ્ચયનય વડે તું એનો નિષેધ કરજે. એ વાક્ય કોનું છે? એ સર્વજ્ઞ ભગવાનનું. તો વ્યવહારનય સંયોગનું જ્ઞાન કરાવે છે. નિશ્ચયનય સ્વભાવનું જ્ઞાન કરાવે છે. વ્યવહારનય સંયોગનું જ્ઞાન કરાવે છે માત્ર. એની મર્યાદા એટલી છે. અને નિશ્ચયનય જેવો સ્વભાવ છે એવું ભાન કરાવી દયે છે. એટલે નિશ્ચયનય ઉપાદેય છે. વ્યવહારનય હેય છે. સંયોગનું..., દેહ અને આત્મા જ્યારે ક્ષેત્રમાં હોય તો દેહ તે જીવ છે એમ કહે, આત્મા કર્મથી બંધાયેલો છે એમ કહે,

આત્મામાં રાગ-દ્વેષ થાય છે એમ પણ વ્યવહારનય કહે. નિશ્ચયનય કહે છે કે દેહથી બંધાણો જ નથી. દેહ છે જ નહીં આત્માને. દેહથી રહિત આત્મા છે. વિદેહી છે અત્યારે. અશરીરી છે આત્મા અત્યારે. અત્યારે, હોં! આત્મા કર્મથી બંધાયેલો નથી, અબદ્ધ છે. આત્મા રાગથી સંયુક્ત છે જ નહીં. વ્યવહારનય કહે સંયુક્ત છે. નિશ્ચયનય કહે રાગથી રહિત આત્મા છે.

આ બે નયનું કથન છે એના માટે મોક્ષમાર્ગ પ્રકાશકમાં એક બહુ સરસ બે વાક્ય આવ્યા છે. મોક્ષમાર્ગ પ્રકાશક. કે જેટલું વ્યવહારનયનું કથન નિરૂપણ હોય તેને અસત્યાર્થ જાણી તેનું શ્રદ્ધાન છોડજે અને જેટલું નિશ્ચયનય વડે નિરૂપણ કરવામાં આવ્યું હોય તે સત્યાર્થ છે એમ જાણી તેનું શ્રદ્ધાન અંગીકાર કરજે. આહાહા! બે વાક્ય છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. એ સ્ટીકર હમણાં નીકળ્યા છે. અહીંયા આવ્યા કે નહિ, છે? છેને? વ્યવહારનયને સત્યાર્થ માન્યું છે તે અજ્ઞાન છે. વ્યવહારનય સાચું લાગે છે ત્યાં સુધી નિશ્ચયનય તિરોભૂત થઈ જાય છે. સ્વભાવ ઢંકાય જાય છે. દેખાતો નથી.

મુમુક્ષુ: વ્યવહારનયનું શ્રદ્ધાન કઈ ભૂમિકામાં છોડવું?

પૂ. લાલચંદભાઈ: હા, સમ્યગ્દર્શન જેને પ્રગટ કરવું હોય એણે (વ્યવહારનયનું) શ્રદ્ધાન છોડી દેવું.

વ્યવહાર છોડવાની વાત નથી, એનું શ્રદ્ધાન છોડજે. વ્યવહાર તો નહીં છૂટે. એ તો જ્ઞાની થયા પછી શુભભાવ પણ જાણવા માટે આવશે એ વ્યવહાર. શુભભાવ કરવો એ અજ્ઞાન, શુભભાવ આવે એણે જાણે એનું નામ વ્યવહાર. જગતને એમ છે કે શુભભાવ કરવો તે વ્યવહાર. શુભભાવ કરવો તે અજ્ઞાન. શુભભાવ આવે તેના કાળક્રમે એણે જાણવો કે શુભભાવ છે. એનાથી જુદો હું છું એમ જાણવું. એનું નામ વ્યવહાર છે. જાણવો તે વ્યવહાર, કરવો તે વ્યવહાર નહીં. એ તો અજ્ઞાન છે, કર્તાબુદ્ધિ છે. આહાહા! મોટો ફેર.

એક વખત, ઘણા વખત પહેલાની વાત છે. રાજકોટમાં વાંચતો હતો પહેલા તો. વીસેક વર્ષ પહેલાંની વાત છે, તો નિશ્ચયપ્રધાન કથન અમારું શૈલી તો છે જ સ્વભાવથી પહેલેથી, તો એક ભાઈએ કહેલું, મોટો, મોટો માણસ સામાન્ય અપેક્ષાએ. તો કહે, લાલચંદભાઈ! તમે જે નિશ્ચયની વાત કરો છોને એ તો બરાબર છે પણ થોડીક સાથે વ્યવહારની વાત તો કરતાં જાવ. તો સોનામાં સુગંધ ભળે. મેં કીધું ભલે કાલથી હું વ્યવહારની વાત કરીશ. એટલે એને એમ થયું કે શુભભાવ કરવાનું કહેશે કાંઈક. આહાહા! એને એ જોઈતું જ હતું, એમ. પણ એ અમારી પાસેથી આશા રાખી એ તો ખોટી હદ કરી. એ તો વાત નીકળવાની જ નથી. વીતરાગની ગાદી ઉપર બેસીને આત્મા રાગને કરે? આહાહા! એ તો વીતરાગની ગાદીને લાંછન છે. બીજે દિ' થયો, વ્યાખ્યાનમાં આવ્યા. કહ્યું, કાલે એક મુમુક્ષુ ભાઈની માંગણી હતી કે વ્યવહાર મારે જોઈએ. બરાબર છે. માંગણી યથાસ્થાને છે. અને એ વ્યવહાર પણ છે. અનુભવ પહેલા પણ વ્યવહાર હોય અને અનુભવ પછી પણ વ્યવહાર હોય.

તો એ વ્યવહાર શું છે કે જે શુભાશુભભાવ આવે એનાથી આત્મા ભિન્ન છે એમ વારંવાર વિચાર કરવો એનું નામ વ્યવહાર. વિચાર કરવો એનું નામ વ્યવહાર. શુભાશુભ કરવો એનું નામ વ્યવહાર નહીં. એ સવિકલ્પ એને ભેદજ્ઞાન કહેવાય. 'સવિકલ્પ ભેદજ્ઞાન' કે દેહથી મારો આત્મા જુદો છે, કર્મથી જુદો છે, રાગથી જુદો, એક સમયની પર્યાયના ભેદથી પણ હું જુદો છું. એમ હું જ્ઞાયક છું,

અભેદ છું, હું સામાન્ય ટંકોત્કીર્ણ પરમાત્મા છું, એમ ભેદજ્ઞાનનો વારંવાર વિચાર કરવો એનું નામ વ્યવહાર છે. એ વ્યવહારમાં મિથ્યાત્વ ગળે છે, મિથ્યાત્વ ગળે છે અને શુભભાવની કર્તાબુદ્ધિ રાખે તો મિથ્યાત્વ દ્રઢ થઈ જાય છે. વ્યવહાર નથી. જિનાગમે એને વ્યવહાર નથી કહ્યો, જાણેલો પ્રયોજનવાન કહ્યો. શું કહ્યું? (મુમુક્ષુ: જાણેલો પ્રયોજનવાન) કરેલો નથી લખ્યું ક્યાંય.

એ આખું જગત એમ માને છે કે પહેલા વ્યવહાર હોય અને પછી નિશ્ચય થાય, વ્યવહાર એટલે? કષાયની મંદતા કરવી એ વાત શાસ્ત્રોમાં પણ આવે. શ્રીમદમાં પણ એવા વાક્યો તો ઘણા આવે છે. શાંત પહેલા થાય, કષાયની મંદતા થાય, પાત્રતા થાય વગેરે વગેરે. ઘણી વાતો વ્યવહારની આવે, એનાથી જુદો આત્મા છે એમ વિચાર કરવો તે વ્યવહાર નિશ્ચયને અનુકૂળ છે. શુભભાવ કરવો એ પ્રતિકૂળ છે સમ્યગ્દર્શનમાં. સમ્યગ્દર્શન ત્રણકાળમાં નહીં થાય. ગેરંટી. આહાહા!

જે ક્રિયા કરવાથી તને દુઃખ થાય એ ક્રિયા કરવાની અભિલાષા તને શેની છે? શુભભાવથી પણ દુઃખ અને અશુભથી પણ દુઃખ, એક સોનાની બેડી ને એક લોઢાની બેડી. કોઈક કહે કે ભાઈ તને બાંધવો છે પણ સોનાની બેડીથી બાંધવો છે. લોઢાની બેડીથી (નહિ). ના, ભાઈસહેબ! મારે બંધાવું નથી. બંધનની અપેક્ષાએ બેય સરખા છે. ઉલ્ટુ વજન એમાં વધારે હોય. ગળે વળગ્યો છે અહીં. શુભભાવ તો એટલો ગળે વળગ્યો છે. આહાહા!

મુમુક્ષુ: પ્રાથમિક સ્ટેજમાં તો વ્રત, નિયમ જરૂરી ખરા કે નહિ?

પૂ. લાલચંદભાઈ: પ્રાથમિક જીવમાં શુભભાવથી આત્મા જુદો છે, એમ વારંવાર જાણવું. એનું નામ પ્રાથમિક છે. શુભભાવ કરવો એ પ્રાથમિક ભૂમિકા નથી. કેમકે જે વીતરાગ પરમાત્મા થયા, વીતરાગ થયા તે રાગ કરવાનો ઉપદેશ આપે નહીં. રાગ આવે એને જાણે. રાગ આવે એને જાણે, એનું નામ વ્યવહાર.

મુમુક્ષુ: વ્રત, નિયમોની જરૂર નહીં?

પૂ. લાલચંદભાઈ: વ્રત, નિયમો આવે એને જાણે, એનું નામ વ્યવહાર. વ્રત, નિયમ કરવા જેવા છે તો મિથ્યાત્વ. વ્રતાદિ આવે, પંચમ ગુણસ્થાને દેશવ્રત, પાંચ મહાવ્રતનાં પરિણામ છઠા ગુણસ્થાને આવે. આવે અને કરવું એમાં આસમાન જમીનનો ફેર છે. મોટો ફેર છે. વ્રત, નિયમ, ઉપવાસ આવે, બધા ભાવો આવે. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લ્યે, પરિગ્રહનું પરિમાણ લ્યે, એ જાતના મંદ કષાયના ભાવો આવે, પણ સાધક મંદ કષાયને કરતો નથી, આહાહા! કરતો દેખાય છે પણ કરતો નથી. એને જાણતો દેખાય છે પણ એને જાણતો નથી. એ તો જાણનારને જાણે છે.

જ્ઞેયનો સદભાવ કે અભાવ, બેય વખતે પણ જાણનાર જણાય છે. જ્ઞેયના સદભાવમાં પણ જાણનાર જણાય છે અને જ્ઞેયના અભાવમાં નિર્વિકલ્પ ધ્યાનમાં પણ (જાણનાર જણાય છે). આહાહા! છઠી ગાથા કહ્યું છે, જ્ઞેયાકાર અવસ્થા વખતે પણ જ્ઞાયકપણે જણાયો તે સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ જ્ઞાયક જ છે. આહાહા! એ સવિકલ્પદશામાં શું કરતાં હશે? એનું જ્ઞાન આત્માને જાણ્યા કરે છે તેથી તો નિર્જરા થાય છે. જો આત્માને જાણવાનું જ્ઞાન છોડી દયે તો મિથ્યાદ્રષ્ટિ થઈ ગયો. તો તો બંધાય જાય. નિર્જરા થાય છે ને તો સમયે સમયે શુદ્ધિની વૃદ્ધિ, તો શુદ્ધિની વૃદ્ધિ ક્યારે થાય? કે જ્ઞાનનું અવલંબન આત્મામાં હોય, સ્થિરતા વધતી હોય અંદરમાં,

સમજી ગયા? તો નિર્જરા થાય.

એક સમય પણ જ્ઞાન આત્માને જાણવાનું છોડે નહીં. ભલે ઇન્દ્રિયો પરને જાણતી હોય પણ અતીન્દ્રિયજ્ઞાન સ્વને જાણે છે. એક જ્ઞાનની પર્યાયમાં બે ભાગ પડી ગયા છે. એક જ્ઞાનચેતના અને એક કર્મચેતના. પર્યાય એક, ભાગ બે છે. જ્ઞાનની પર્યાય એક, સ્વમુખેથી અતીન્દ્રિયજ્ઞાન અને પરાશ્રિત છે તે ઇન્દ્રિયજ્ઞાન, પર્યાય એક, ભાગ બે છે. એક બંધનું કારણ ઇન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિયજ્ઞાન મોક્ષનું કારણ થાય છે. સમય એક છે. પર્યાય એક, ભાગ બે. એટલે તો સાધક કહેવાય ને? સાધક એટલે બાધક તત્ત્વ છે. થોડો આસ્રવભાવ થાય છે. સંવર-નિર્જરા છે એની સાથે આસ્રવભાવ પણ છે. મોક્ષ થયો નથી પૂરો. તો સાધકને પણ એવા ભાવો આવે. શુભભાવ આવે, અરે! અશુભ પણ આવે, નીચે, ચોથા, પાંચમા ગુણસ્થાને, રૌદ્રધ્યાન પણ થાય. પંચમ ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન કહ્યું. તોપણ સમ્યગ્દર્શનને બાધક નથી આવતું. ચારિત્રનું બાધક છે. ચારિત્રમાં બાધક, ઘાતક છે જરૂર, રાગ ચારિત્રને ઘાતે છે. અને રાગ મારો તો સમ્યગ્દર્શનનો ઘાત થઇ ગયો.

રાજપાટમાં હોય બહારના પુણ્યના કારણે, પૂર્વના પુણ્ય બંધાણા હોય તો રાજા થઇ જાય. અરે! ચક્રવર્તી થઇ જાય. ભરત મહારાજા સમયે સમયે નિર્જરા રત. ૬૦૦૦૦ વર્ષ સુધી લડાઈમાં ગયા અને પિતાના ઓમકાર ધ્વનિ સાંભળવા ન ગયા. સાંભળવા ન ગયા એટલે એના કાળક્રમે એ ભાવ આવે છે. એનો સ્વયં સ્વકાળ ને સ્વભાવ એ પ્રગટ થાય છે પર્યાયનો. આહાહા! એને આત્મા કરતો નથી. એ જણાય છે પણ એને જાણતો નથી. એ તો જાણનારને જાણે છે. આવી અંદરની રમતો છે.

મુમુક્ષુ: આપે એક વાત બતાવી હતી ઇષ્ટોપદેશમાં, ઇષ્ટોપદેશમાં.

પૂ. લાલચંદભાઈ: દેખે છે પણ દેખતો નથી, જાણે છે તોપણ જાણતો નથી, ચાલે છે તોપણ ચાલતો નથી. આ અંદરની રમત છે, લૂખા પરિણામ થઇ ગયા છે ભાઇ! એના પરિણામમાં ચીકાશ, મિથ્યાત્વની ચીકાશ નીકળી ગઇ છે. તેલનું મર્દન કાઢી નાખ્યું છે એણે. રજ ચોંટતી નથી.

એના માટે એક દાખલો બહુ સારો, નાની ઉંમરની વાત કરું છું. આઠ, દસ વર્ષની ઉંમર હશે એમાં બીજા અન્યમતિના છોકરાઓ સાથે ભણતા હોય તો વાતું-ચીતું કરે ને, એમાં એક છોકરો બાર-ચૌદ વર્ષનો આવ્યો અને વાત કરવા મંડયો, મેં સાંભળી વાત, એવી વાત એણે કરી કે કૃષ્ણ મહારાજ છે ને તો એને ૧૬૦૦૦ સ્ત્રી છે, રાણી. પછી એને એક વિચાર આવ્યો કે આ ગંગા નદીના સામે કાંઠે એક ઋષિ છે તો એને તમે આ ભોજન આપી આવો. તો માણસને બોલાવ્યો. લાડવાનો થાળ ભરેલો ચિક્કાર. તો માણસે કહ્યું કે સાહેબ! આ ગંગા નદી કેવી રીતે પાર કરવી મારે? બે કાંઠે પાણી જાય છે, પુલ તો છે નહીં. તો કહે નદી કિનારે જઇને કહેજે કે કૃષ્ણ મહારાજ સદા બ્રહ્મચારી હોય, સદા, હોં! આઠમ ચૌદશ નહીં. સદા બ્રહ્મચારી હોય તો તું માર્ગ આપજે. આ કે આવા ગપ્પા મારે છે, એમાં કઇ નદી કાંઇ માર્ગ આપે? પણ બોલાય કેમ? રાજાની સામે બોલાય નહીં. જી મહારાજ ભલે. ઉપડયો થાળ લઇને. અને જેમ કહ્યું તેમ બોલ્યો. અને ફટ માર્ગ થઇ ગયો અને ચાલ્યો ગયો સામે કાંઠે, અને ઋષિ મહારાજને જમાડ્યા. ઋષિ મહારાજ ઓ.. ઓડકાર ખાતા હતા. ઋષિ મહારાજ મારે સામે કાંઠે જવું છે કેવી રીતે જવું?

બે કાંઠે નદી છે. નદી પાછી ભેગી થઇ ગઇ. તો કહે, હા એ વાત તારી સાચી છે. જા નદી

કિનારે જઈને કહેજે કે જો ઋષિ સદા ઉપવાસી હોય તો માર્ગ આપજે. અરે! પણ આ લાડવાનો સામે ઝાપટે છે, ઝપાટો માર્યો, હેં! આ તો દાખલો છે, હોં! આ તો દ્રષ્ટાંત છે. કેટલો અંદરમાંથી લૂખાપણું હોય છે, સાક્ષીભાવ કેટલો પ્રગટ થાય છે, એનો દાખલો છે. અને ગયું, સમજી ગયા? માર્ગ થઈ ગયો. ચાલ્યો ગયો. ઓલો આવ્યો રાજા પાસે, આહાહા! આજ તો ચમત્કાર થયો. મને તો બેસતું નહોતું પણ આપની સામે બોલાય નહીં. આપે આમ કહ્યું ને પેલાએ પણ આમ કહ્યું. નદી માર્ગ આપે.

એવું અંદરની રમત છે. આહાહા! સમયે સમયે નિર્જરા થાય છે. બંધ અલ્પ થાય છે એને ગૌણ કરીને બંધ નથી થતો એમ પણ દ્રષ્ટિની મુખ્યતાથી કહેવાય. થાય છે બંધ થોડો. બંધ તો થાય છે. અનંત બંધનું કારણ નથી, થોડો અલ્પ બંધ થાય છે. નફો ઝાઝો અને નુકશાની ઓછી. આહાહા! અંદરના ભેદજ્ઞાનની આ બધી વાતું છે. ઇષ્ટોપદેશમાં બહુ સરસ છે -દેખે છે પણ દેખતો નથી, ચાલે છે પણ ચાલતો નથી, આહાહા!

મુમુક્ષુ: આબાલ-ગોપાલ સૌને, પોતે જ જણાય રહ્યો છે, બેસતું કેમ નથી?

પૂ. લાલચંદભાઈ: બેસાડતો નથી પોતે એટલે. પોતે બેસાડતો નથી. પોતે બેસાડતો નથી, બસ.

એને એવો વિશ્વાસ નથી આવતો, ઊંડાણથી વિચાર નથી કર્યો આમ હોય શકે કે કેમ? થોડોક ઊંડાણથી વિચાર કરે તો હોય શકે એટલું તો આવી જાય. પ્રકાશ છે તો સૂર્યને પ્રસિદ્ધ કરે છે, ભલે સૂર્ય ન દેખાણો હોય તોપણ અનુમાનમાં આવી જાય. પ્રકાશ છે તો પ્રકાશક (તો) હોવો (જોઈએ). પર્યાય છે તો દ્રવ્ય હોવું જોઈએ. અહીં જ્ઞાન પ્રગટ થાય છે તો જ્ઞાયક દ્રવ્ય હોવો જોઈએ. એમ અનુમાન કરીને પણ જરાક, જરાક અંદરમાં આગળ વધે તો વિશ્વાસ આવવા મંડે, ઓહો! વાત તો સાચી છે.

મુમુક્ષુ: વારંવાર એવો વિશ્વાસ કરવો?

પૂ. લાલચંદભાઈ: વિશ્વાસ કરવો જોઈએ. આહાહા!

હવે એક જ્યોતિષ પાંચ રૂપિયા લઈ અને જ્યોતિષ જોઈ દયે. એના ઉપર વિશ્વાસ છે અને બહુ વખાણ લખ્યા હોય તો પાંચ ને બદલે દસ આપી દયે. હવે આ મોટા સર્વજ્ઞ ભગવાન જ્યોતિષિ ત્રિકાળ વેત્તા, એ લખે છે કે તારા જ્ઞાનમાં આત્મા જણાય છે, જા. આહાહા! એ જ્યોતિષને માનતો નથી. ઓલો જ્યોતિષ જોઈ દયે એને, પાંચ ઠરાવ્યા હોય પણ જો બહુ સારું લખ્યું હોય, જાવ જ્યોતિષ મહારાજ તમને દસ રૂપિયા ઈનામ આપું છું. પણ આ ત્રિકાળ વેત્તા સર્વજ્ઞ ભગવાન, અફર. ઓલું તો થાય કે ન થાય એ તો આપણે સમજવા જેવુ છે. સમજવા જેવુ છે. પણ આ તો અફર. થાય, થાય ને થાય જ. આહાહા!

હવે આ (લાકડી) જણાય છે એનો પૂરો વિશ્વાસ છે. હું એમ કહું છું કે આ લાકડી છે કે આ કૂતરો છે? બધાય કહેશે કે લાકડી, લાકડી ને લાકડી જણાય છે, કૂતરો નથી આ. લાકડી છે. પણ આ જણાય છે કે જ્ઞાન જણાય છે? ત્યાં વાંધો મોટો. એ ઊર્ધ્વપણે જ્ઞાન જ્ઞાનને જાણ્યા સિવાય લાકડીને જાણી શકે જ નહીં. જેમકે ક્રોધ આવ્યો, તો ક્રોધ આવ્યો તો ક્રોધ તો ક્રોધને જાણતો નથી. તો ક્રોધને જાણનાર જ્ઞાન ક્રોધથી ભિન્ન છે. તો જ્ઞાને જ્ઞાનને જાણીને ક્રોધને જાણ્યો કે જ્ઞાનને જાણ્યા વિના

ક્રોધને જાણે. ન્યાય સમજાય છે કાંઈ? જ્ઞાન જ્ઞાનને જાણ્યા વિના ક્રોધને જાણે કે જ્ઞાન જ્ઞાનને જાણીને ક્રોધને જાણે.

તો હવે ક્રોધ જણાય છે એને બદલે જ્ઞાન જ્ઞાનને જાણે છે, ક્રોધ ઉપરથી જરાક ખસી જાવ અને આની બાજુ આવી જાવ તો કામ થઈ જાય. સહેલું છે, અઘરું નથી. ધરમ અઘરો નથી. જ્ઞાન જ્ઞાનને જાણીને જ ક્રોધને જાણે. જ્ઞાન જ્ઞાનને ન જાણે તો તો જડ થઈ ગયું. જ્ઞાન જ્ઞાનને જાણે. સૂર્યનો પ્રકાશ પ્રકાશને પણ પ્રકાશે અને ઘટને પણ પ્રકાશે. ઘટને પ્રકાશે અને પ્રકાશ પર્યાય એને ન પ્રકાશે તો તો અંધારું કહેવાય. દાખલો સમજાય છે? સૂર્યની વાત તો જવા દયો પણ એનો પ્રકાશ થયો એ પ્રકાશ પ્રકાશને પ્રસિધ્ધ કરતો મકાનને પ્રસિધ્ધ કરે છે. પ્રકાશ પ્રકાશને ન પ્રસિધ્ધ કરે, પ્રકાશે નહીં અને મકાનને પ્રકાશે એમ કોઈ દિવસ બને નહીં. તો આ પ્રકાશ નહિ અંધકાર થઈ જાય છે.

એમ ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ઉપયોગ, જ્ઞાનમાં જ્ઞાન જણાય છે. જ્ઞાન જ્ઞાનને જાણીને ક્રોધને જાણે છે. જ્ઞાન જ્ઞાનને જાણવાનું છોડી દયે તો ક્રોધને જાણી જ શકે નહીં. તો જડ થઈ જાય. ત્યાં લે ને સ્વ-પરપ્રકાશક. લે ને ત્યાં સ્વ-પરપ્રકાશક જોઈએ છે ને તારે? લે ને અંદરમાં. આહાહા! ઊર્ધ્વપણે આત્મા જણાય છે. શ્રીમદજીએ કહ્યું, ઊર્ધ્વપણે આત્મા જણાય છે. આહાહા! શ્રીમદજીને પગે લાગે બધાય, એનું લખેલું માને નહીં. **ઘટ-પટ આદિ જાણ તું, તેથી તેને માન; પણ જાણનારને જાણ નહીં, કહીએ કેવું જ્ઞાન?** (આત્મસિધ્ધિ શાસ્ત્ર, ગાથા ૫૫) આહાહા! એને એ કહેવું છે. ઘડો જણાતું નથી, તારું જ્ઞાન જણાય છે. તો જાણનારને તો જાણતો નથી. અને આ ઘડો છે, આ છે, આ છે, આ છે. એમ અનંતકાળથી પર્યાયની બહિર્મુખતા રહી ગઈ છે, એમાં અનુભવ નથી થતો.